Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

વિશ્વ સમાચાર સાપ્તાહિક

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 35 • Dt. 26-05-2025 • Monday • Rs.5-00 • • Page-4




# ઓપરેશન સિંદૂર માત્ર સૈન્ય મિશન નહીં, પણ બદલાતા ભારતની તસવીર છે





નવી દિલ્હી

ઓપરેશન સિંદૂર પછી વડાપ્રધાન મોદીએ આજે પહેલી વાર મન કી બાત સંબોધી. મન કી બાતમાં વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું કે ઓપરેશન સિંદૂર એ બદલાયેલા ભારતની તસવીર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતના ૧૨૨મા એપિસોડમાં આતંકવાદનો ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ આતંકવાદ સામે એક થવા બદલ દેશવાસીઓની પ્રશંસા કરી. તેમણે વધુમાં કહ્યું કે, આપણો સંકલ્પ આતંકવાદનો અંત લાવવાનો છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર ફક્ત એક લશ્કરી મિશન નથી પરંતુ આપણા સંકલ્પ, હિંમત અને બદલાતા ભારતની તસવીર છે.

મન કી બાત ને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, આજે આખો દેશ આતંકવાદ સામે એક થયો છે, ગુસ્સાથી ભરેલો છે અને દૃઢ નિશ્ચયી છે. આજે દરેક ભારતીયનો સંકલ્પ છે કે આપણે આતંકવાદનો અંત લાવવો પડશે. મિત્રો 'ઓપરેશન સિંદૂર' દરમિયાન આપણી સેનાએ બતાવેલી બહાદુરીએ દરેક ભારતીયને ગર્વ અપાવ્યો છે. આપણી આર્મીએ સરહદ પાર આતંકવાદી ઠેકાણાઓને ધ્વસ્ત કર્યા છે, જે અદ્ભુત છે.

તેમણે કહ્યું, ઓપરેશન સિંદૂરથી દુનિયાભરમાં આતંકવાદ સામેની લડાઈમાં નવો આત્મવિશ્વાસ અને ઉત્સાહ મળ્યો છે. ઓપરેશન સિંદૂર માત્ર એક લશ્કરી મિશન નથી, તે આપણા સંકલ્પ, હિંમત અને બદલાતા ભારતનું ચિત્ર છે અને આ ચિત્રે આખા દેશને દેશભક્તિની ભાવનાઓથી ભરી દીધો છે અને તેને ત્રિરંગામાં રંગી દીધો છે

ત્રિરંગા યાત્રાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, તમે જોયું હશે કે દેશના ઘણા શહેરો, ગામડાઓ અને નાના શહેરોમાં ત્રિરંગા યાત્રાઓ કાઢવામાં આવી હતી. દેશની સેનાને સલામી આપવા માટે હજારો લોકો હાથમાં ત્રિરંગો લઈને બહાર આવ્યા હતા. ઘણા શહેરોમાં મોટી સંખ્યામાં યુવાનો નાગરિક સંરક્ષણ સ્વયંસેવકો બનવા માટે એકઠા થયા અને અમે જોયું કે ચંદીગઢના વીડિયો વાયરલ થયા. સોશિયલ મીડિયા પર કવિતાઓ લખાઈ રહી હતી, સંકલ્પ ગીતો ગાઈ રહ્યા હતા. નાના બાળકો એવા ચિત્રો બનાવી રહ્યા હતા જેમાં મોટા સંદેશા છુપાયેલા હતા.

પીએમ મોદીએ બિકાનેરની મુલાકાત દરમિયાન બાળકો સાથેની તેમની મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, હું ત્રણ દિવસ પહેલા જ બિકાનેર ગયો હતો. ત્યાંના બાળકોએ મને આવું જ એક પેઈન્ટિંગ ભેટમાં આપ્યું. ઓપરેશન સિંદૂરએ દેશના લોકો પર એટલો પ્રભાવ પાડ્યો છે કે ઘણા પરિવારોએ તેને પોતાના જીવનનો ભાગ બનાવી લીધો છે. બિહારના કટિહાર, યુપીના કુશીનગર અને બીજા ઘણા શહેરોમાં તે સમયગાળા દરમિયાન જન્મેલા બાળકોનું નામ સિંદૂર રાખવામાં આવતું હતું. પીએમ મોદીએ કહ્યું, "છેલ્લા પાંચ વર્ષમાં, ગુજરાતના ગીરમાં સિંહોની વસ્તી ૬૭૪ થી વધીને ૮૯૧ થઈ ગઈ છે. ગુજરાત પહેલું રાજ્ય બન્યું જ્યાં મહિલાઓને વન અધિકારીઓના પદ પર મોટા પાયે તૈનાત કરવામાં આવી હતી. વન્યજીવ સંરક્ષણ માટે, આપણે હંમેશા આ રીતે સતર્ક અને સતર્ક રહેવું પડશે." સિંહની વસ્તી ગણતરી કેટલી જટીલ હોય છે તેનો ઉલ્લેખ કરીને સિંહ સંવર્ધન માટે વન વિભાગમાં મહિલા અધિકારી-કર્મચારીઓની ભરતીની પણ વાત કરી હતી.

## લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી

# દેશમાં કોરોના વાયરસે રોકેટગતિએ સ્પીડ પકડી

### કેરળમાં સૌથી વધુ સક્રિય કેસ છે, જેને ધ્યાનમાં રાખીને અહીં રેન્ડમ પરીક્ષણ અને દેખરેખ શરૂ કરવામાં આવી છે



નવી દિલ્હી : ભારતમાં કોવિડ-૧૯ ના **JN.1** પ્રકાર ના કેસ ઝડપથી વધી રહ્યા છે. તેના મોટાભાગના ચેપગ્રસ્ત કેસ કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં જોવા મળ્યા છે. અહેવાલો અનુસાર, કેરળમાં સૌથી વધુ સક્રિય કેસ છે, જેને ધ્યાનમાં રાખીને અહીં રેન્ડમ પરીક્ષણ અને દેખરેખ શરૂ કરવામાં આવી છે. જ્યારે તમિલનાડુમાં જાહેર સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. દિલ્હી-નોઈડામાં પણ કોરોનાના કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં એક કોરોના ચેપગ્રસ્ત દર્દીનું પણ મોત નીપજ્યું છે. જાણો હાલમાં કયા રાજ્યમાં કેટલા સક્રિય કેસ છે. અલગ અલગ રાજ્યોમાં ધીમે ધીમે કોરોનાના કેસ સામે આવી રહ્યા છે. તાજેતરમાં, ઉત્તર પ્રદેશના નોઈડામાં પણ કોરોનાનો એક કેસ નોંધાયો છે. અહીં એક ૫૫ વર્ષીય મહિલા કોવિડ પોઝિટિવ મળી આવી છે. મહિલાને ઘરે જ આઈસોલેશનમાં રાખવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે દર્દીના પરિવારના સભ્યો પર પણ પરીક્ષણો કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર આ મહિલાએ ૧૪ મેના રોજ ટ્રેનમાં મુસાફરી કરી હતી, જેના કારણે વધુ લોકોને ચેપ લાગવાની શક્યતા છે. ઉત્તરાખંડમાં પણ બે કોવિડ પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા છે. મે મહિનામાં કેરળમાં સૌથી વધુ ૨૭૩ કોવિડ કેસ નોંધાયા છે. આ સાથે ત્રણ વર્ષ પછી દિલ્હીમાં પણ ૨૩ કોરોના કેસ નોંધાયા છે. કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં પણ ૮૪ વર્ષીય વૃદ્ધનું કોરોનાથી મોત થયું છે. અહેવાલો અનુસાર કર્ણાટકમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ ના ૩૮ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. આ સંદર્ભમાં શનિવારે રાજ્યમાં કોવિડ-૧૯ થી એક દર્દીનું મૃત્યુ થયું. જ્યારે, ૮ નવા કેસ નોંધાયા છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, શહેરમાં હાલમાં ૧૮ કોવિડ-૧૯ દર્દીઓ સારવાર હેઠળ છે. તેમાંથી મોટાભાગના લોકો ઘરે એકાંતમાં છે. એક દર્દીના મૃત્યુ અંગે ટીએમસી દ્વારા પ્રકાશિત કરાયેલા એક પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે ૨૧ વર્ષીય વ્યક્તિ ડાયાબિટીસથી પીડાતો હતો અને અન્ય બીમારીઓને કારણે તેનું મૃત્યુ થયું છે.

# વન નેશન, વન ઈલેક્શનના નામે પંચાયતોની ચૂંટણી રોકવો કારસો

નવી દિલ્હી

સમગ્ર દેશને પંચાયતી રાજનું મોડલ આપનાર ગુજરાતમાં જ ૪ હજાર ગ્રામ પંચાયતમાં ૩ વર્ષથી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે, જેમાં વધુ ૧૪૦૦ પંચાયતોની મુદત ૩૦ જૂને પૂર્ણ થઈ રહી છે.

ચૂંટાયેલી પાંખ વિના પંચાયતોનો કારોબાર ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસે આરોપ મૂક્યો છે કે, વન નેશન-વન ઈલેકશનના નામે ગુજરાતમાં પંચાયતોની ચૂંટણી સ્થગિત કરવાના કાવાદાવા કરવામાં આવી રહ્યાં છે.

ગુજરાત પંચાયત એકટ ૧૯૯૩/૧૯૯૪ માં જોગવાઈ છે કે, કોઈપણ પંચાયતમાં સરપંચ-સભ્યની ખાલી થયેલી બેઠકોની પેટા ચૂંટણીઓ ૧૨ માસ પૂરા થાય એ પહેલાં કરાવવી એ રાજ્ય ચૂંટણીપંચની બંધારણીય જવાબદારી છે. રાજ્ય ચૂંટણીપંચ લાંબા સમય સુધી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ કોઈ કારણ વગર રોકી શકે નહીં.

વન નેશન વન ઈલેકશનનો કાયદો હજુ બન્યો નથી પણ ગુજરાતમાં તેનો પ્રયોગ કરવા સરકાર મથામણ કરી રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ સ્થગિત કરાવતાં છેલ્લાં ૩ વર્ષથી ગ્રામ્ય વિસ્તારમાં લોકો પોતાના પ્રતિનિધિ ચૂંટી નથી શક્યાં, અધિકાર રાજ હેઠળ પ્રજા પિસાતી રહે તે માટે હજુ પંચાયતોની ચૂંટણીનું ઠેકાણું પાડ્યું નથી.

કોંગ્રેસનો આક્ષેપ છે કે, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને મહીસાગર જિલ્લામાં મનરેગા અને નલ સે જલ કૌભાંડ બહાર આવ્યા છે. ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ ન હોવાથી સરકારના ઈશારે વહીવટદારો મનફાવે તે રીતે વર્તી રહ્યા છે. એ વાત ચોક્કસ છે કે, ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ન યોજીને ભાજપ સરકાર જ વહીવટદારો દ્વારા થતાં સરકારી યોજનામાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપી રહી છે.'

## તંત્રીની કલમે................

### નિર્મમતા અને નાદાની : ભટકી જતા કિશોરો


Editor- Nilay H. Mehta

હરિયાણાના કૈથલ જિલ્લાના ધનૌરી ગામમાં બે કિશોરોની નિર્મમ હત્યા થયાની હૃદયવિદારી ઘટના સમગ્ર સમાજને ઊંડે સુધી કંપાવનારી છે. ચૌદ-પંદર વર્ષના બે કિશોરોના ગળા કાપીને હત્યા કરવી અને એ પણ તેમના સમવયસ્ક મિત્રો દ્વારા, એ દરેક સંવેદનશીલ મનુષ્યને હચમચાવી નાખે એવી ઘટના છે. સ્પષ્ટ છે કે દસમા-અગિયારમામાં ભણતા વિદ્યાર્થીઓની આવી ક્રૂર હત્યા આપણા સમાજમાં વધતી જતી આક્રમકતા અને સંવેદનહીનતાનું પ્રતિબિંબ છે. અહેવાલ મુજબ હત્યામાં સામેલ કિશોરો ગામના જ હતા અને થોડા દિવસો પહેલાં મૃતક કિશોરોને ધમકાવવા તેમના ઘેર આવ્યા હતા. મૃતક કિશોરો પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓ હત્યા કરનાર કિશોરોની બહેનોની છેડછાડ કરતા હતા. નિશ્ચિતપણે આવા આરોપને નૈતિક રીતે સ્વીકાર્ય ન ગણાય, પણ તેનો બદલો હત્યા તો ન જ હોઈ શકે.

દુઃખદ વાત એ છે કે એક મૃતક કિશોર અરમાન પાંચ બહેનોનો એકમાત્ર ભાઈ હતો. આ ઘટનાથી તેના પરિવારે જે ગહન દુઃખ અનુભવવું પડયું હશે, તેનું અનુમાન સરળતાથી લગાવી શકાય છે. આવા દુઃખને આજીવન માટે ભુલી ન શકાય. એવી વયમાં જ્યારે બાળક પોતાનું ભવિષ્ય ઘડવાનું શરૂ કરે છે, ત્યારે તેમના સપનાની આ રીતે હત્યા થાય તે અત્યંત કરૂણ છે.

પણ એ પણ પ્રશ્ન છે કે આ ઉંમરના કિશોરો પર આવા આરોપો કેમ લાગે છે? વાંચવા-લખવાની વયે તેમને આવા વિચારો ક્યાંથી આવે છે? શું પરિવારો પોતાના સંતાનોને સંસ્કાર નથી આપી શકતા? તેમને કેમ લાગે છે કે કોઈ યુવતી કે બહેનની છેડતી કરવી જોઈએ? શું આપણા શિક્ષણપધ્ધતિમાંથી નૈતિક શિક્ષણનું પાસું લુપ્ત થઇ રહ્યું છે? શું શિક્ષકો વિદ્યાર્થીઓમાં સદાચારની ભાવના પ્રગટ કરવામાં નિષ્ફળ જઈ રહ્યા છે? હત્યાકાંડ જ નહીં, પણ હત્યારાઓની મનોભાવનાને લઈને પણ અનેક પ્રશ્નો ઉભા કરે છે. તેમણે કેમ માની લીધું કે છેડાછાડનો બદલો ગળા કાપીને લેવો જોઈએ?

અસલમાં, દાયકાઓ સુધી બોલીવુડની હિન્દી ફિલ્મો દ્વારા સમાજમાં જે અપસંસ્કૃતિ ફેલાવવામાં આવી, આજે તેનો ભોગ આપણે ભોગવી રહ્યા છીએ. ફિલ્મોમાં સામાન્ય રીતે હીરો યુવતી સાથે છેડછાડ કરતો દેખાય છે અને અંતે યુવતી હીરોના પ્રેમમાં પડે છે. આ કથાવસ્તુએ સમાજના યુવાનોમાં વિચાર ઊભો કર્યો કે છેડછાડ પણ પ્રેમમાં બદલાઈ શકે છે. બાકીની કસર ટીવી સીરિયલોમાં દર્શાવવામાં આવતી સંવેદનહીન અને ક્રૂર વાર્તાઓએ સમીકરણને વધુ ખરાબ બનાવ્યું. બોક્સ ઓફિસ અને ટીઆરપી માટે મળતી સફળતાએ એમાં એવી નકારાત્મકતા ભરી દીધી કે આ મંચોએ સમાજમાં અપસંસ્કૃતિને 'ન્યૂ નોર્મલ' તરીકે સ્વીકારવામાં મદદ કરી. પરિવાર અને શિક્ષણ પદ્ધતિ આ વિચારવિમર્શને ઓળખી શકવામાં અને તેને નકારવામાં નિષ્ફળ રહી છે.

આ ઉપરાંત ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વ્યાપથી સ્વછંદ યૌન વર્તનનાં અનેક નકારાત્મક રૂપો સામે આવ્યા છે, જે કિશોરોને પથભ્રષ્ટ કરી રહ્યા છે. દરેક કિશોરના હાથમાં આવેલા મોબાઈલના ઉપયોગ પર ના તો પરિવાર અને ના તો શાળાનું નિયંત્રણ હોય છે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### ૩૦ બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર કર્યો

# ગુજરાતમાં વધતા કોરોનાના કેસને લઈને ભાવનગરમાં તંત્ર એલર્ટ

## ભાવનગરમાં કોરોનાના ૨ કેસ નોંધાતા તંત્ર દોડતું થયું

ભાવનગર

ગુજરાતમાં ફરી એક વાર કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોનાના વધતા કેસને પગલે ભાવનગરનું તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. ભાવનગરમાં કોરોનાના ૨ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું.આ બન્ને કેસોને પગલે ભાવનગરના આરોગ્ય વિભાગે સરટી હોસ્પિટલમાં ૩૦ બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર કર્યો છે. આ ઉપરાંત પીપીઈ કિટ, ઓક્સિજન ટેન્ક અને વેન્ટિલેટર જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

એક સગર્ભા મહિલા અને એક આધેડ વ્યક્તિને કોરોના પોઝિટિવ આવ્યા છે. બંનેની તબિયત હાલમાં સ્થિર છે. જો કે બંન્ને દર્દી હાલ સારવાર હેઠળ છે. રાજયમાં કોરોનાની સ્થિતિ હાલ ચિંતાજનક નથી પણ તકેદારીના ભાગરૂપે આ તૈયારીઓ કરવામાં આવી છે.

બીજી તરફ સુરત શહેરમાં કોરોનાના બે કેસ સામે આવ્યા છે. સિવિલ હોસ્પિટલના બે મહિલા તબીબ કોરોનાગ્રસ્ત થયા છે. બન્ને તબીબોને સિવિલના આઈસોલેશન વોર્ડમાં રખાયા હતા.એક દર્દીને રજા અપાઈ છે. ત્યારે બન્નેની તબિયત હાલ સ્થિર છે. મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં કોરોના વોર્ડ સજ્જ કરાયો છે. ઓક્સિજન, દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. જરૂર પડે તો વધુ બેડ ધરાવતો વોર્ડ તૈયાર કરાશે.

### ૪ આરોપીની ધરપકડ કરાઈ

# ઠગબાજ ગેંગે ટેલિગ્રામ લિંક મોકલી પડાવ્યા રુપિયા

## પોલીસે ૪ આરોપી ફાલ્ગુન ગજેરા, જયદીપ મારૂ, ચિંતન રૂપારેલિયા અને મિલન વિરોજાની ધરપકડ કરી છે

અમદાવાદ

મોબાઈલમાં કોઈ પણ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરતા પહેલા દસ વખત વિચાર કરવો જોઈએ. વર્તમાન સમયમાં સાયબર ક્રાઈમની ઘટનાઓમાં સતત વધારો થયો છે. ત્યારે અમદાવાદની આનંદનગર પોલીસે આવી જ એક છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે. જ્યાં, ઠગબાજ ગેંગ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવીને બેંક ખાતામાંથી રૂપિયા સેરવી લેતી હતી. જેને લઈ પોલીસે ૪ આરોપીઓની ધરપકડ કરી છે.આ સંપૂર્ણ ઘટનાનો મુખ્ય સૂત્રધાર કૌશલ ઠક્કર થાઈલેન્ડમાં હોવાના અહેવાલ છે. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપી ગેંગ ટેલિગ્રામ મારફતે લોકોનો સંપર્ક કરતા હતા અને એક લિંક મોકલીને એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવતા. જે બાદ તેમાં ઊઇ કોડ આવતો જ્યારે, કોઈ વ્યક્તિ એ ઊઇ સ્કેન કરતું એટલે તેમના ખાતાનું એક્સેસ આરોપીઓ પાસે જતું રહેતું હતું. અને તેઓ POS મશીન મારફતે રૂપિયા પડાવી લેતા હતા. ૩૧ માર્ચે પણ એક વેપારી સાથે આ રીતે જ ઠગાઈ કરીને ક્રેડિટ કાર્ડમાંથી એક બાદ એક ટ્રાન્ઝેક્શન કરીને રૂપિયા પડાવી લીધા હતા. પોલીસે ૪ આરોપી ફાલ્ગુન ગજેરા, જયદીપ મારૂ, ચિંતન રૂપારેલિયા અને મિલન વિરોજાની ધરપકડ કરી છે.

ફાલ્ગુન અને જયદીપે મશીન લાવવામાં મદદ કરી હતી. તો, ચિંતન અને મિલન લોકોને એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવવાનું કામ કરતા હતા અને ખાતામાં રૂપિયા આવ્યા બાદ વોન્ટેડ આરોપી કૌશલને આંગડિયા મારફતે મોકલી દેતા અત્યાર સુધી આરોપીઓ ૩૦ લાખ જેટલી રકમની છેતરપિંડી કરી ચૂક્યા છે.

આ સમગ્ર મામલે પોલીસે ચારેય આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે. અને મુખ્ય સૂત્રધારની શોધખોળ હાથ ધરી છે.

# સુરતમાં શંકાસ્પદ ખાદ્ય તેલનો મોટો જથ્થો જપ્ત કરાયો

## આરોગ્ય સાથે ચેડા કરતી ખાદ્ય તેલ બનાવતી ફેક્ટરીમાં આરોગ્ય વિભાગે દરોડા પાડી ૨૭,૩૮૧ લીટર શંકાસ્પદ તેલ જપ્ત કરી ગુનો નોંધી મોટી કાર્યવાહી હાથ ધરી

સુરત : સુરતમાં આરોગ્ય વિભાગે શંકાસ્પદ તેલનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આરોગ્ય સાથે ચેડા કરતી ખાદ્ય તેલ બનાવતી ફેક્ટરીમાં આરોગ્ય વિભાગે દરોડા પાડી ૨૭,૩૮૧ લીટર શંકાસ્પદ તેલ જપ્ત કરી ગુનો નોંધી મોટી કાર્યવાહી હાથ ધરી છે. સુરતમાં હજીરા રોડ પર આવેલ દ્વારકેશ ઈન્ડસ્ટ્રીઝ આરોગ્ય વિભાગે ઉમરા હજીરા રોડ સ્થિત વેરહાઉસ પર દરોડા પાડીને આ જથ્થો જપ્ત કર્યો છે. આરોગ્ય વિભાગે ૩૦.૪૨ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેલના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. આ તેલ સોયાબીન અને સૂર્યમુખીના નામે વેચાતું હોવાનું જાણવા મળ્યું છે. આરોગ્ય વિભાગ હવે તેલના રિપોર્ટની રાહ જોઈ રહ્યું છે અને ત્યારબાદ આગળની કાર્યવાહી કરશે.સુરતમાં સોયાબીન અને સૂર્યમુખીના નામે વેચાતું ૨૭,૩૮૧ લિટર શંકાસ્પદ તેલ જપ્ત કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગને તેલ શંકાસ્પદ હોવાની માહિતી મળી હતી અને સ્થળ તપાસ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે તેલનો જથ્થો એટલો બધો હતો કે આ તેલમાં ભેળસેળ થઈ રહી હોવાનું લાગતું હતું. નગરપાલિકાએ ઉમરા હજીરા રોડ સ્થિત વેરહાઉસ પર દરોડા પાડ્યા હતા. આરોગ્ય વિભાગ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી હતી.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલમાં મુકવામાં આવેલા આરોગ્ય અને ખાદ્ય સલામતી નિરીક્ષણ અભિયાન હેઠળ, દ્વારકેશ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ-૨, પ્લોટ નંબર ૨૬, હજીરા ખાતે સ્થિત શિવભૂમિ એન્ટરપ્રાઇઝના વેરહાઉસ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

### બન્ને બેઠકો પર ૪-૪ નેતાઓ સંભાળશે મોરચો

# કડી અને વિસાવદર બેઠકો માટે કોંગ્રેસે કરી પ્રભારીઓની જાહેરાત

### કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ ભાજપ પર ગર્જ્યા અને ભાજપના નેતાઓ પર ગંભીર આરોપો લગાવ્યા હતા

ગાંધીનગર

ગુજરાતમાં બે વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણીની જાહેરાત થઇ ગઇ છે. ચૂંટણી પંચે આજે કડી અને વિસાવદર બેઠકો પર પેટા ચૂંટણીની જાહેરાત કરી છે, આગામી ૧૯ જૂનના રોજ અહીં ચૂંટમી યોજાશે, અને ૨૩ જૂનના દિવસે મતગણતરી હાથ ધરાશે. ખાસ વાત છે કે, બન્ને બેઠકો છેલ્લા કેટલાક સમયથી ખાલી પડેલી હતી. જોકે, પેટા ચૂંટણીની જાહેરાત થતા જ કોંગ્રેસ એક્શનમાં આવી છે, બન્ને બેઠકો પર પોતાના પ્રભારીઓની નિમણૂંક કરી દીધી છે. શક્તિસિંહે ગોહિલે ચાર-ચાર પ્રભારીઓના નામની જાહેરાત કરી દીધી છે. ગુજરાતમાં બે કડી અને વિસાવદર બે બેઠકો પર પેટાચૂંટણીની જાહેરાત થતાં જ કોંગ્રેસ એક્શનમાં આવી છે, ગુજરાત કોંગ્રેસને પ્રદેશ અધ્યક્ષે પ્રેસ કૉન્ફરન્સ યોજીને પેટા ચૂંટણી અંગે રણનીતિની માહિતી આપી હતી. શક્તિસિંહ ગોહિલે ચૂંટણીની જાહેરાત થતા જ કડી અને વિસાવદર માટે પ્રભારીની જાહેરાત કરી છે, કોંગ્રેસે આજે કડી અને વિસાવદર બેઠક માટે કોંગ્રેસના ૪-૪ પ્રભારીની જાહેરાત કરી છે, જેમાં વિસાવદર બેઠક માટે પૂંજા વંશ, પરેશ ધાનાણી, ઈંદ્રનીલ રાજ્યગુરુ અને વશરામ સાગઠિયાના નામો જાહેર કર્યા છે, જ્યારે કડી બેઠક માટે ગેનીબેન ઠાકોર, જિજ્ઞેશ મેવાણી, કિરીટ પટેલ અને રઘુ દેસાઈને પ્રભારી તરીકે જાહેર કર્યા છે. ચૂંટણીની જાહેરાતની સાથે જ કોંગ્રેસે એક્શન લીધી છે. શક્તિસિંહે આશાવાદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, અમે વિસાવદર અને કડી બન્ને બેઠક જીતવા માટે ચૂંટણી લડીશું. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ પ્રેસ કૉન્ફરન્સ દરમિયાન ભાજપ પર ગર્જ્યા હતા, તેમને ભાજપના નેતાઓ પર ગંભીર આરોપો લગાવ્યા હતા અને કોંગ્રેસના કાર્યકરોને જનતાના પ્રશ્નો માટે લડતા કાર્યકરો ગણાવ્યા હતા. પાકિસ્તાન સાથે સીઝ ફાયર મુદ્દે શક્તિસિંહે આરોપો લગાવ્યા.

### ઘાટ વિસ્તારમાં સુરક્ષા ગાર્ડ તૈનાત કરાયા

# દ્વારકાના દરિયામાં જોવા મળ્યો હતો ભારે કરંટ



દ્વારકા

ગુજરાત પરથી વાવાઝોડાનો ખતરો ટળ્યો છે પરંતુ માવઠાની ઘાત યથાવત જોવા મળી છે. હવામાન નિષ્ણાંતો અને હવામાન વિભાગની આગાહી વચ્ચે અરબી સમુદ્રમાં કરંટ જોવા મળ્યો છે.

દ્વારકાના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે. ગોમતીકાંઠે ૧૫થી ૨૦ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા હતા. ગોમતી ઘાટે સહેલાણીઓનો જમાવડો જોવા મળ્યો છે. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાને રોકવા માટે ઘાટ વિસ્તારમાં સુરક્ષા ગાર્ડસને તૈનાત કરવામાં આવ્યા છે. બીજી તરફ હવામાન વિભાગે પણ માવઠાની આગાહી કરી છે. જેમાં સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. વેરાવળ બંદર પર સમુદ્રમાં ભારે કરંટ જોવા મળ્યો છે. બંદર પર ૧ નંબરનું ભયજનક સિગ્નલ લગાવાયું છે. સમુદ્રમાં ઉંચા ઉંચા મોજા ઉછળતા પણ જોવા મળ્યા છે. તો સાવચેતીના ભાગરુપે માછીમારોને પણ પરત બોલાવી લેવાયા છે.

### ૪૦થી ૪૫ કિલોમીટરની ઝડપે ફૂંકાશે પવન

# રાજ્યમાં ભારે વરસાદની હવામાન વિભાગે કરી આગાહી

### ગીર-સોમનાથ, દીવ, અરવલ્લી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અનેં દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૨૫

હવામાન વિભાગની આગાહી કહે છે કે, ભારે પવન વીજળીના કડાકા સાથે વરસાદ આવશે. **40-45 kmph** ની ઝડપે પવન ફૂંકાશે. ગુજરાતના મોટાભાગના પોર્ટ ઉપર નંબર **DC 1** નું સિગ્નલ આપવામાં આવ્યું છે. વોલમાર્ક સિસ્ટમ આજે ડિપ્રેશનમાં ફેરવાયું છે. આજે ધીમે મુવમેન્ટ કોંકણથી પૂર્વીય દિશામાં ગતિમાન કરશે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે. રાજકોટ, ગીરસોમનાથ, દીવ, અરવલ્લી, સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ આવશે. આ દિવસોમાં તાપમાનમાં ઘટાડો થતા ગરમીથી રાહત મળશે.

કેરળમાં ૧ જૂનની આસપાસ ચોમાસું આવે છે અને ૮ જૂન સુધી આખા દેશને કવર કરી લે છે. ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તર પશ્ચિમ ભારતથી પાછું હટવાનું શરૂ કરી દે છે અને ૧૫ ઓકટોબર સુધી સંપૂર્ણ રીતે વિદાય લઈ લે છે. પરંતુ આ વખતે ચોમાસું સમય કરતાં વહેલું કેરળમાં પહોંચી ગયું છે.

નિષ્ણાતોનું કહેવું છે કે હવામાનના સતત ફેરફારોથી કલાઈટમેન્ટ ચેન્જના કારણે હવામાન હવે અનિશ્ચિત થઈ રહ્યું છે. હવે એ નક્કી કરવું મુશ્કેલ છે કે વરસાદ ક્યારે થશે અને કેટલો થશે? અરબ સાગર અને બંગાળની ખાડીમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. દરિયાનું તાપમાન સામાન્ય કરતા વધારે રહેતા ચોમાસાના પવનો વધુને વધુ સક્રિય બન્યા છે.

હવામાન વિભાગ અનુસાર અરબ સાગરની ઉપર એક લો પ્રેશર સિસ્ટમ બની છે. તેની સાથે જ દક્ષિણથી ઉત્તર તરફ તેજ હવા ચાલી રહી છે જેના કારણે વાદળ બની રહ્યા છે. આ ૩ કારણ છે કે ચોમાસાને આગળ વધારવા માટેની પરિસ્થિતિઓનું નિર્માણ થયું. જો કે એવી પણ આશંકા છે કે પરંતુ જો ચોમાસુ વહેલું આવે અને ધીમું પડે અથવા નબળું પડી જાય તો એકંદરે ઓછો વરસાદ પડી શકે છે અને ક્યારેક એવું બને કે ચોમાસું મોડું આવે પણ લાંબા સમય સુધી રહે છે અને સારો વરસાદ આપે છે.

### રબારી સમાજની અનોખી પહેલ

# કુપ્રથાઓ પર મૂક્યો પ્રતિબંધ, નિયમો તોડનારને ૫૧ હજારનો દંડ કરાશે

બનાસકાંઠા, તા.૨૫

સમય આવી ગયો છે કે, સમાજમાં વ્યાપેલા કુરિવાજો દૂર કરવામા આવે. આ માટે અલગ અલગ સમાજે પહેલ કરીને કુપ્રથાઓને દૂર કરી રહ્યાં છે. ત્યારે બનાસકાંઠાના દુવા ગામનો રબારી સમાજ પણ આગળ આવ્યો છે. સમાજ દ્વારા કેટલીક બાબતો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

બનાસકાંઠાના દુવા ગામમાં રબારી સમાજ દ્વારા ખાસ બેઠકનું આયોજન કરાયું હતં. જેમાં સમાજમાં વ્યાપેલા કેટલાક દૂષણો મામલે ચર્ચા વિચારણા કરાઈ હતી, અને બેઠકના અંતે કેટલાક દૂષણોને દૂર કરવા તેના પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરાઈ હતી. સાજે સમાજ દ્વારા બનાવાયેલા નવા નિયમોનું પાલન ન કરનાર અને તેને તોડનારને દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

રબારી સમાજ દ્વારા લેવાયેલા નિર્ણયો

નાના-મોટા પ્રસંગોમાં વપરાતા બીડી-સિગારેટ જેવા વ્યસનો પર સંપૂર્ણ પ્રતિબંધ

જો કોઈ પરિવાર પ્રસંગોમાં અફીણ કે બીડી સિગારેટ વાપરે તો તેના પર ૫૧,૦૦૦ નો દંડ

બારમાની વિધિ પૂરી થાય તે જ દિવસે પોણો મહિનો અને શોક પણ મૂકી દેવોનો નિર્ણય

મરણ પ્રસંગમાં ઓઢામણી પ્રથા પણ બંધ

મરણ પ્રસંગમાં માત્ર ખિચડી-કઢી જ બનાવવી

બારમાના દિવસે માત્ર રોટલા શાક કરવા

મરણ પ્રસંગમાં ઘીની વાડી ફેરવવા અને શીરા બનાવવા પર પણ પ્રતિબંધ. આ નિયમોને તોડનારને દંડ થશે અને આ રકમ રબારી સમાજના શૈક્ષણિક સંકુલ થરાદ ખાતે જમા કરાવાની રહેશે. જે શૈક્ષણિક કાર્યમાં વપરાશે. આમ, રબારી સમાજના આગેવાનો દ્વારા સમાજને સુધારણાના માર્ગે લઈ જવા માટે કમર કસી છે. સમાજમાં ચાલતા કુરિવાજો અને વ્યસન પ્રથાને દૂર કરવાનો આ પ્રયાસ સરાહનીય છે. લોકો વ્યાજ લઈને પણ પ્રથાઓ નિભાવતા હોય છે, આ પ્રથાઓ દૂર કરવામાં આવે તો માણસ વ્યાજના ખપ્પરમાં ઓછો હોમાય. તે માટે રબારી સમાજ દ્વારા આ પહેલ કરવામાં આવી છે. લગ્ન પ્રસંગ, મરણ પ્રસંગ તથા અન્ય પ્રસંગોને કારણે ખર્ચાઓ વધી રહ્યાં છે, જેને દૂર કરીને સમાજના સંતાનોના શિક્ષણ કાર્ય અર્થે વાપરવાનો નિર્ણય લેવાયો છે.

### ૧૯ જૂને થશે મતદાન, ૨૩ જૂને આવશે પરિણામ

# વિસાવદર, કડી વિધાનસભાની પેટાચૂંટણીની તારીખ જાહેર

### ૨૬ મેથી ફોર્મ ભરવાની શરૂઆત થશે, તો ૨ જૂન ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હશે

ગાંધીનગર

વિસાવદર, કડી વિધાનસભાની પેટાચૂંટણીની તારીખ જાહેરાત થઈ ગઈ છે. ૧૯ જૂને બંને ખાલી પડેલી આ બેઠક પર ચૂંટણી યોજાશે, વિસાવદર અને કડીની વિધાનસભાની પેટાચૂંટણી ૧૯ જૂને યોજાશે. ૨૬ મેથી ફોર્મ ભરવાની શરૂઆત થશે. તો ૨ જૂન ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હશે, ૨૩ જૂને પેટાચૂંટણીના પરિણામો આવશે.

કડી વિધાનસભા બેઠક પર ધારાસભ્ય કરસનભાઇ સોલંકીનું નિધન થવાથી આ બેઠક ખાલી પડી હતી. જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય ભૂપેન્દ્રભાઇ ભાયાણીએ રાજીનામું આપ્યું હતું તેથી આ બેઠક ખાલી પડી હતી.

મહત્વનું છે કે, આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આમઆદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ જામશે. વિધાનસભા ચૂંટણીની જેમ કોંગ્રેસ અને આમઆદમી પાર્ટી ગઠબંધનમાં ચૂંટણી નથી લડવાના. બંને પક્ષ એકલાહાથે ચૂંટણી લડશે. આમઆદમી પાર્ટીએ તો પહેલા જ પોતાના ઉમેદવાર તરીકે ગોપાલ ઈટાલિયાનું નામ જાહેર કરી દીધું હતું.

નોંધનીય છે કે, આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણીના પદ પરથી રાજીનામું આપવાના પગલે વિસાવદર બેઠક ખાલી પડી હતી. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાયાણી આપમાંથી વિજેતા બન્યા હતા, પરંતુ પક્ષ પલટો કરતાં આ બેઠક ખાલી પડી ગઈ હતી.

બાદમાં ભાજપના હર્ષદ રીબડીયાએ તેમના વિરુદ્ધ ચૂંટણી ગેરરીતિની પિટિશન હાઈકોર્ટમાં દાખલ કરી હતી. આ પિટિશનના કારણે વિસાવદર પર પેટા ચૂંટણી અટકી હતી. જોકે, બાદમાં રીબડીયાએ પિટિશન પરત ખેંચી હતી.. જેથી હવે ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. બીજી તરફ કડી બેઠક પર ભાજપના ધારાસભ્ય કરસન સોલંકીનું ફેબ્રુઆરી મહિનામાં અવસાન થયુ હતુ.. જેના કારણે કડી બેઠક પણ ખાલી પડી હતી.

વિસાવદર પેટાચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ પહેલેથી જ પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે. આમ આદમી પાર્ટીએ પાટીદાર નેતા ગોપાલ ઈટાલિયાને ઉમેદવાર જાહેર કર્યા છે. ત્યારે હવે ભાજપ અને કોંગ્રેસ કોના પર જંગ લડે છે તે સમય આવ્યે ખબર પડશે. AAP નેતા ઇસુદાન ગઢવીએ જણાવ્યું કે, કડીમાં ઉમેદવાર ઉતારવા કે નહી તેને લઈ બેઠક કરીશું અને હી તેને લઈ ૨ દિવસમાં નિર્ણય લઈશું. ઉલ્લેખનિય છે કે, હર્ષદ રિબડિયાએ અરજી કરતા વિસાવદરની પેટાચૂંટણી અટવાઈ હતી. વિસાવદરમાં ત્રિપાંખિયો જંગ નક્કી છે. વિસાવદરમાં AAP-કોંગ્રેસ-ભાજપ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી શકે છે.કોંગ્રેસ અને AAPએ ગઠબંધન નહી કરવાની જાહેરાત કરી છે.આ બધાની વચ્ચે હર્ષદભાઈ રિબડિયાએ મોટું નિવેદન આપ્યુ છે, તેમણે જણાવ્યું કે, પાર્ટી મને ટિકિટ આપે તો મારી સંપૂર્ણ તૈયારી છે અને તેમણે આ બેઠક પર ભાજપની જીતનો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### સુરતના હર્ષદ ચૌધરીને કર્યા સસ્પેન્ડ

## ભ્રષ્ટાચારી નેતા સામે ભાજપનું મોટું એક્શન

### વાણી, વર્તન અને પક્ષને હાની પહોંચે તેવા કૃત્ય બદલ શિક્ષા



સુરત

ભાજપે પોતાના જ ભ્રષ્ટાચારી નેતાઓ સામે એક્શન લેવાની શરૂઆત કરી છે. ત્યારે સુરતમાં ભાજપના ભ્રષ્ટાચારી નેતા હર્ષદ ચૌધરીને પક્ષ દ્વારા સસ્પેન્ડ કરાયા છે. ભાજપ જિલ્લા પ્રમુખ ભરત રાઠોડે હર્ષદ ચૌધરીને સસ્પેન્ડ કર્યા છે. ભાજપ દ્વારા ભ્રષ્ટાચારી નેતા હર્ષદ ચૌધરીને સસ્પેન્ડ કરવામાંઆવ્યા છે. વાણી વર્તન અને પાર્ટીને હાનિ પોહચે તેવું કૃત્ય કરાતા પાર્ટી દ્વારા તેને સસ્પેન્ડ કરાયા છે. તાત્કાલિક અસરથી સક્રિય સભ્ય અને પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરાયા છે. હર્ષદ ચૌધરીનું નામ બોરસદ-ડેગડીયા ગામે ૯ ઓરડાના બદલે ૮ ઓરડા બનાવી એક ઓરડામાં ૫ લાખથી વધુનો ભ્રષ્ટાચારમાં સામેલ છે. વિપક્ષની રજુઆત બાદ તંત્ર દ્વારા તપાસ કરી માંગરોળ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. હાલ હર્ષદ ચૌધરી જેલના સળિયા પાછળ છે. સુરત જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ હર્ષદ ચૌધરી સામે ફરિયાદ નોંધાતા ધરપકડ કરવામાં આવી હતી. આશ્રમ શાળાનાં મંજૂર ૯ ઓરડા માંથી ૮ ઓરડા જ બનાવ્યાનો આરોપ તેના પર છે. માંગરોળના દેગડિયા ગામે આવેલી આશ્રમ શાળાનાં મંજૂર ૯ ઓરડામાંથી ૮ ઓરડા જ બનાવ્યા હોવાનો આરોપ કરાયો છે. આ ઘટનામાં બોરસદ દેગડીયા ગ્રામ પંચાયતનાં સરપંચ, તલાટી વિરુદ્ધ પણ ગુનો દાખલ કરીને પોલીસે હર્ષદ ચૌધરી સહિત ૩ શખ્સોની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. સુરત જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ હર્ષદ ચૌધરી સામે સુરતનાં માંગરોલ પોલીસ મથક ખાતે ગુનો નોંધાયો છે. સાથે જ બોરસદ દેગડિયા પંચાયતનાં સરપંચ, તલાટી વિરુદ્ધ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં આરોપ છે કે બોરસદ દેગડિયા ગામે સરકાર દ્વારા આશ્રમ શાળાનાં નવા ૯ ઓરડા મંજૂર કરવામાં આવ્યા હતા. પરંતુ, ૯ ઓરડાને બદલે ૦૮ ઓરડા જ બનાવામાં આવ્યા છે.ભાજપના નેતા હર્ષદ ચૌધરીએ સરપંચ અને તલાટી સાથે મળી આશ્રમ શાળાનો એક આખો ઓરડો ચાવ કરી ૫ લાખથી વધુનો ભ્રષ્ટાચાર આચર્યો છે. વિપક્ષની રજૂઆત બાદ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવતા આ ભ્રષ્ટાચાર સામે આવ્યો હતો.

આ મામલે માંગરોલ તાલુકા વિકાસ અધિકારીએ પોલીસ મથક ખાતે ફરિયાદ આપી હતી. પોલીસે પણ હર્ષદ ચૌધરી સહિતના શખ્સો સામે ગુનો દાખલ કરીને તેની અટક કરી છે.

### વાવાઝોડાંની ભીતિને લીધે માંગરોળ બંદરે ૨,૦૦૦ બોટ લંગારી દેવાઈ

જૂનાગઢ

આગામી દિવસોમાં વાવાઝોડાની આગાહીને અનુલક્ષીને જૂનાગઢ જિલ્લાની તમામ બોટને બંદર ખાતે પરત બોલાવવા માટેના થયેલા આદેશ મુજબ માંગરોળ બંદર ખાતે બે હજાર બોટ પરત આવી ગઈ છે. ચોમાસા પુર્વે જ વાવાઝોડાની આગાહીના કારણે માછીમારીની સિઝન આ વખતે વહેલાસર પૂર્ણ કરી દેવામાં આવી છે.

## વડોદરા કોર્પોરેશનના ખોરાક શાખા દ્વારા ઠેર-ઠેર ચેકિંગ

વડોદરા : ઉનાળાની ઋતુને અનુલક્ષીને શહેરની જાહેર જનતાનાં આરોગ્યની સુખાકારી ધ્યાનમાં રાખી પાલિકાના વિવિધ વિસ્તારોમાં છેલ્લા એક માસથી ખાણીપીણીની લારીઓ, દુકાનો, ફુડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ, કેરીના રસના તંબુઓ, શેરડીના રસના કોલાના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉનાળાની ઋતુને અનુલક્ષીને મ્યુનિસિપલ કમિશ્નર અરુણ મહેશ બાબુની સુચનાં મુજબ ડેઝીગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદાર ડૉ.મુકેશ વૈધના માર્ગદર્શન હેઠળ ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફિસરો દ્વારા બે ટીમો બનાવી આકસ્મીક ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ. ખોરાક શાખાનાં ફુડ સેફટી ઓફિસરો દ્વારા શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં ૧૧૭ ખાણીપીણીની લારીઓ, ૨૨ દુકાનો, ૬ ફુડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ, ૨ કેરીના રસના તંબુ, ૨ શેરડીના રસના કોલામાં ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ. ૩૧૦ લીટર પાણીપુરીનું પાણી, ૨૮ કિલો અખાદ્ય ખાદ્ય પદાર્થ, ૨૭ કિલો કેરીનો રસ, ૧૫ કિલો સીથેટીક ફુડ કલરવાળી ચાસણીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવેલ ફુડ સેફટી ઓન વ્હીલ્સ (મોબાઈલ ફુડ ટેસ્ટીંગ વાન) દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં ૨ ટ્રેનિંગ પ્રોગ્રામ, ૨ અવેરનેસ પ્રોગ્રામ કરવામાં આવેલ.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).